# STATE BODY BUILDING ASSOCIATION GUJARAT

Regd. Under The Society Registration Act XXI of 1860 & BPT Act XXIV) Regd. No. Gujarat /1927 /Bhavnagar Dtd. 5/9/2008
Recognized by : Government of Gujarat, Sports, Youth & Cultural Activities Deptt, Gandhinagar,
Regd. Office : 17/A, Hariram Nagar-2, Subhash Nagar, Airport Road, Bhavnagar-364001.
Affiliated with : Indian Body Builders Federation, Mumbai.



**President**
Mr. Jigish Patel

**Vice President**
Mrs. Tulsi Sujan
Mr. Vijay Panchal
Mr. Deepak Gunjal
Mr. Tarun Patel

**General Secretary**
Mr. Kanji. V. Bhungaliya

**Joint Secretary**
Mr. M. K. Sharma
Mr. Prashant Pillai

**Treasurer**
Mr. Bhavesh Trivedi

**Committee Member**
Mr. Manoj Solanki
Mr. Ketan Trivedi
Mr. Asfaq Rana
Mr. Jahid Dafrani
Mr. Hemant Minama


## સરક્યુલર

### ૧૫મી સીનીયર મી.ગુજરાત
### બોડી બિલ્ડીંગ ચેમ્પીયનશીપઃ ૨૦૨૨

નોંધણી તેમજ વજન ચકાસણીની તારીખઃ ૨૬-૦૨-૨૦૨૨ શનિવાર
વજન ચકાસણીનો સમયઃ બપોરે ૦૩.૦૦ થી ૦૭.૦૦ કલાક
વજન ચકાસણી સ્થળઃ આકાશ પાર્ટી પ્લોટ, શ્રેયસ ક્રોસીંગ રોડ, વાસણા, અમદાવાદ.

પ્રિજજીંગની તારીખ અને સમયઃ ૨૭-૦૨-૨૦૨૨ રવિવાર સવારે:૦૯.૦૦ કલાકે
પ્રિજજીંગ સ્થળ: આકાશ પાર્ટી પ્લોટ, શ્રેયસ ક્રોસીંગ રોડ, વાસણા, અમદાવાદ.

ફાયનલ સ્પર્ધાની તારીખ અને સમય: ૨૭-૦૨-૨૦૨૨ રવિવાર સાંજે:૦૬.૦૦ કલાકે

ફાઇનલ સ્પર્ધા સ્થળ: આકાશ પાર્ટી પ્લોટ, શ્રેયસ ક્રોસીંગ રોડ, વાસણા, અમદાવાદ.

બોડી બિલ્ડીંગ : સ્પર્ધક દીઠ એન્ટ્રી ફી. રૂા.૧૦૦૦/-

વેઇટ કેટેગરીઃ

| | |
|---|---|
| (૧) ૫૫ કિ.ગ્રા સુધી | (૨) ૫૫ કિ.ગ્રા. થી વધુ ૬૦ કિ.ગ્રા.સુધી |
| (૩) ૬૦ કિ.ગ્રા. થી વધુ ૬૫ કિ.ગ્રા.સુધી | (૪) ૬૫ કિ.ગ્રા. થી વધુ ૭૦ કિ.ગ્રા.સુધી |
| (૫) ૭૦ કિ.ગ્રા: થી વધુ ૭૫ કિ.ગ્રા.સુધી | (૬) ૭૫ કિ.ગ્રા. થી વધુ ૮૦ કિ.ગ્રા.સુધી |
| (૭) ૮૦ કિ.ગ્રા. થી વધુ ૮૫ કિ.ગ્રા.સુધી | (૮) ૮૫ કિ.ગ્રા. થી ઉપર.......... |

**મેન્સ સ્પોર્ટસ ફીજીક અને વીમેન સ્પોર્ટસ મોડેલ ફીજીક માટે નીચે મુજબની કેટેગરી રહેશે.**

મેન્સ સ્પોર્ટસ ફીજીકઃ સ્પર્ધક એન્ટ્રી ફીઃ રૂા.૨૦૦૦/-
વીમેન્સ સ્પોર્ટસ મોડેલ ફીજીકઃ સ્પર્ધક એન્ટ્રી ફીઃ મહિલા પ્રોત્સાહન ભાગરુપે શુન્ય.

| | | |
|---|---|---|
| મેન્સ સ્પોર્ટસ ફીજીકઃ | (૧) ૧૬૫ સે.મી. સુધી | (૨) ૧૬૫ સે.મી. થી ઉપર. |
| વીમેન્સ સ્પોર્ટસ મોડેલ ફીજીકઃ | (૧) ૧૬૨ સે.મી. સુધી | (૨) ૧૬૨ સે.મી. થી ઉપર. |


Correspondence Office : Atlas Gymnasium Equipment, 904/1, G.I.D.C., Makarpura, Vadodara - 390010 (Gujarat) Ph. : 0265-2636965

એક થી પાંચ ક્રમના બોડી બિલ્ડીંગ તેમજ મેન્સ/વિમેન્સ સ્પોર્ટસ ફિજીક વિજેતા માટે
કેશ(રોકડ)પ્રાઇઝ નીચે મુજબ રાખવામાં આવેલ છે.
પ્રથમઃ ૨૫૦૦૦/, દ્રિતિયઃ૧૫૦૦૦/-, તૃતિયઃ૧૦૦૦૦/-
ચતુર્થઃ૭૫૦૦, પાંચમોઃ.૫૦૦૦.
આ ઉપરાંત દરેક કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસલ કરનાર વિજેતાને વિશેષ ઇનામ રૂપે
ઇલેકટ્રીક ટુ વ્હીલર (ઇવી) આપવામાં આવશે.

ચેમ્પીયન ઓફ ચેમ્પીયન સીની.મિસ્ટર ગુજરાત ટાઇટલ માટે રૂા.૧,૨૫,૦૦૦/-.

**કેશ પ્રાઇઝની રકમમાં ફેરફારનો હકક સંપૂર્ણપણે સંસ્થા/આયોજકોનો રહેશે.**
**બોડી બિલ્ડીંગ રમતના ઇતિહાસમાં ભારતભરમાં પ્રથમવાર અકલ્પનીય વિશેષ**
**બમ્પર ઇનામો.**

નિયમોઃદરેક સ્પર્ધકે એકજ કલરનો કોશ્ચ્યુમ પહેરવાનો રહેશે. પંચનો નિર્ણય અંતિમ ગણાશે તથા સ્પર્ધા અંગેના નિયમોનો પૂર્ણ હકક ઓર્ગેનાઇઝીંગ કમિટી હસ્તક રહેશે. કોઇપણ સ્પર્ધક સ્પર્ધા દરમ્યાન ગેરવર્તણુંક કરશે તો તેનું નામ સ્પર્ધામાંથી રદ કરવામાં આવશે. આ સ્પર્ધામાં ગોલ્ડન, સીલ્વર, કોપર કલરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. દરેક સ્પર્ધકે રજીસ્ટ્રેશન ફોર્મ સાથે એક પાસપોર્ટ સાઈઝ ફોટો અને વ્યક્તિગત દસ્તાવેજ જેવા કે આધારકાર્ડ, ચુંટણી કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ વિગેરેની ઝેરોક્ષ કોપી સ્વપ્રમાણિત કરી રજુ કરવાની રહેશે અને અસલ દસ્તાવેજ તેમજં કોવિડ રસીકરણ ફાયનલ સર્ટીફીકેટ(ડીજીટલ)ચકાસણી સમયે બતાવવાના રહેશે. ગુજરાત રાજયમાં અન્ય કોઇપણ ગેરમાન્ય મંડળ/ કે ગેરમાન્ય બોડી બિલ્ડીંગ એસોસીએશન સાથે હું જોડાયેલો નથી કે તેઓ દવારા યોજાયેલ સ્પર્ધામાં ભાગ લીધેલ નથી તે મુજબની લેખિતમાં બાંહેધરી ફરજિયાત આપવાની રહેશે. કોઇપણ સ્પર્ધક આ સ્પર્ધામાં ખોટી માહિતી આપી રમશે તો ડિસ્કવોલિફાય ગણવામાં આવશે અને વિજેતા થયેલ હશે તો પણ તેઓને આપવામાં આવેલ કેશ પ્રાઇઝ, ટ્રોફી, સર્ટીફિકેટ અને મેડલ પરત લેવામાં આવશે તેમજ તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સ્પર્ધામાં મિનીમમ પાંચ સ્પર્ધકનું ગ્રુપ રહેશે. વજન દરમ્યાન ટ્રાયલ આપવામાં આવશે નહીં. આ સ્પર્ધામાં ફકત ગુજરાત રાજયના જ અને સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસીએશન(ગુજરાત) માન્ય જ બોડી બિલ્ડરો ભાગ લઇ શકશે. વજન ચકાસણી દરમ્યાન કોઇપણ સ્પર્ધક કે જીમ સંચાલકને ધ્યાન પર આવે કે, આ રમત સ્પર્ધામાં ભાગ લઇ રહેલ બોડી બિલ્ડર કોઇ ગેરમાન્ય મંડળ/ કે ગેરમાન્ય બોડી બિલ્ડીંગ એસોસીએશન તરફથી અગાઉ રમેલ છે તો તેની માહિતી એસોસીએશનના હોદેદારો અને આયોજકોને આપવાની રહેશે. દરેક સ્પર્ધકે પોતાની અંગત જવાબદારી પર સ્પર્ધા સ્થળે આવવા-જવાનું રહેશે તથા પોતાના સરસામાનની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે. મેન સ્પોર્ટસ ફીજીક/વીમેન્સ સ્પોર્ટસ મોડેલ ફીજીકમાં કલરના ઉપયોગ પર પ્રતિબંધ છે, ફકત ઓઇલનો જ ઉપયોગ કરવાનો રહેશે. સ્પર્ધકો માટે રહેવા – જમવાની વ્યવસ્થા આયોજકો તરફથી કરવામાં આવેલ છે. સ્પર્ધા દરમ્યાન સ્ટેજ માર્શલ દ્વારા ત્રણ વખત બોલાવ્યા બાદ

પણ જો કોઇ સ્પર્ધક સ્ટેજ પર હાજર/ઉપસ્થિત ન થાય તેવા સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસકવોલીફાય કરવામાં આવશે. કોઇપણ સ્પર્ધકની સ્પર્ધામાં એન્ટ્રી ડીસ્ટ્રીકટ એસોસીએશન દવારા જ સ્વીકારવામાં આવશે.કોઇપણ સ્પર્ધક કે અન્ય ત્રાહિત વ્યકિત એસ.બી.બી.એ. ગુજરાતની પરવાનગી વિના સ્પર્ધાને લગતી કે અન્ય કોઇપણ પ્રકારની ચીજ-વસ્તુનું વેચાણ સ્થળ પર કે તેની આજુબાજુ કરી શકશે નહીં.સ્પર્ધાને લગતો કોઇપણ આખરી નિર્ણય સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસીએશન (ગુજરાત)નો જ રહેશે.

સ્પર્ધા બાબતે વિશેષ જાણકારી - મુંઝવણ અંગે સંસ્થાના નીચે જણાવેલ ઝોન વાઇઝ હોદ્દેદારોના સંપર્ક નંબર:

| | | | |
|---|---|---|---|
| સૌરાષ્ટ્ર : | શ્રી એમ.કે.શર્મા,<br>જોઈન્ટ સેક્રેટરી<br>મો.નં.૭૦૧૬૧૨૩૦૪૪ | ઉત્તર ગુજરાત: | શ્રી સારથી ડોંડા<br>સંયોજક<br>મો.નં.૬૩૫૨૪૮૨૩૯૨ |
| મધ્ય ગુજરાત: | શ્રી વિજય પંચાલ<br>ઉપ પ્રમુખ<br>મો.નં.૯૮૨૪૦૩૩૦૮૧ | દક્ષિણ ગુજરાત: | શ્રી તરુણ પટેલ<br>ઉપ પ્રમુખ<br>મો.નં.૯૮૨૪૪૮૮૫૯૮ |

ખાસ સુચનાઃ કોવિડ -૨૦૧૯ મહામારીને પગલે સરકારશ્રી વખતોવખત બહાર પડે તે આનુષંગિક સુચના અને માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન દરેક સ્પર્ધક/ ઓફીશીયલે ફરજીયાત કરવાનું રહેશે.

૧. મો પર માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે.

૨. સોશીયલ ડીસ્ટન્સીંગનું પાલન કરવાનું રહેશે.

સહી/-
જીગીસ પટેલ
પ્રમુખ.

કાનજી ભુંગળીયા
જનરલ સેક્રેટરી

---

વડોદરા. તા.૨૧/૧૨/૨૦૨૨.

નકલ સવિનય સહ રવાનાઃ તમામ કારોબારી સભ્ય તરફ જાણ તેમજ પ્રચાર- પ્રસાર અર્થે.

નકલ સવિયન રવાનાઃ પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, તમામ જિલ્લા બોડી બિલ્ડીંગ એસોસીએશન તરફ.

૨/- આપના જિલ્લામાંથી આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બોડી – બિલ્ડરના નામ, સરનામા, મોબાઇલ નંબર સહિતનું લીસ્ટ તા.૧૬/૦૨/૨૦૨૨ સુધીમાં અધિકૃત પદાધિકારીના સહી/સિકકા સાથે અચૂક મોકલી આપવાનું રહેશે.

આ સ્પર્ધા બાબતે વધુમાં વધુ પ્રચાર-પ્રસાર સોશીયલ મીડીયા અને આપના સ્થાનિક વર્તમાન પત્રોમાં થાય તે બાબતે ખાસ અંગત રસ લેવા વિનંતી છે.